બાળવિજ્ઞાન પ્રસ્તુત

# દાદા ભગવાન

## ભાગ-૪



# પ્રસ્તાવના

'દાદા ભગવાન' વર્તમાન યુગના અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. એમને બાળપણથી જ આત્માને ઓળખવાની, પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાની લગની હતી . રોજિંદા જીવનમાં બનતા દરેક પ્રસંગનું તેઓ વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરતા, તેથી પાછળની ભ્રામક, લૌકિક માન્યતાઓથી દૂર રહી સાચી સમજણ અપનાવતા. તાર્કિક પ્રશ્નાવલીઓ દ્વારા ચિંતવન કરીને જગતની પઝલ સોલ્વ કરવાનો અદભુત અભિગમ એમણે અપનાવ્યો હતો. એમના ગૃહસ્થ જીવનના તેમ જ ધંધાકીય જીવનના કેટલાય પ્રેરણાદાયી પ્રસંગો તેમના આવા 'સંશોધક' હૃદયને વાચા આપે છે.

સૌ કોઇને માટે દાદા ભગવાનની વાતો જીવન જીવવાની કળા શીખવા માટે ખૂબ સુંદર દિશાસૂચન કરશે તેમ જ જીવનનું ધ્યેય સમજવાની પ્રેરણા આપશે, એમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોનો હૃદય સ્પર્શી પરિચય આ પુસ્તિકા કરાવે છે.

દાદા ભગવાન ના જીવન પ્રસંગોને એમના જ શ્રીમુખે નીકળેલી વાણીમાંથી તેજ રૂપે ચિત્રાંકિત કરવાનો પ્રયત્ન કર્યા છે. આપને આ પુસ્તિકામાં ચિત્ર કે લખાણમાં કઇ પણ ત્રુટિ લાગે તો તે સંકલનકર્તાની છે. આવી કંઇ પણ ક્ષતિ રહી ગઇ હોય તો તે માટે અમો આપના ક્ષમાપ્રાર્થી છીએ.

- જય સચ્ચિદાનંદ


પ્રકાશક :
શ્રી અજીત સી. પટેલ
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ.
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

મુદ્રક :
મહાવિદેહ ફાઉન્ડેશન
પાર્શ્વનાથ ચેમ્બર્સ ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪

પ્રાપ્તિ સ્થાન :
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ,
જીલ્લો : ગાંધીનગર - ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૦૩૪
email : balvignan@dadabhagwan.org
website : www. dadabhagwan.org
kids.dadabhagwan.org

પ્રથમ આવૃત્તિ : ૫,૦૦૦ કોપી નવેમ્બર ૨૦૧૩

મૂલ્ય : ભારત રૂ. ૪૫



© : All Rights Reserved - Mahavideh Foundation
Address as above


# દાદા ભગવાન

## ભાગ - ૪




“દાદા ભગવાન”ના નામે વિખ્યાત થયેલા શ્રી અંબાલાલભાઈ મૂળજીભાઇ પટેલ, ભાગીદાર સાથે કોન્ટ્રાક્ટરના ધંધા દરમ્યાન.....

અંબાલાલભાઇના ભાગીદાર કાન્તિભાઇના ભાઇ જયંતિભાઇ ગ્રેજ્યુએટ હતા. એમના ફાધરે અંબાલાલભાઇને ભલામણ કરી કે તમે એમને ધંધામાં કેળવો.






હું ભણેલો-ગણેલો, ગ્રેજ્યુએટ અને મને આવું કામ સોંપે ? ઘરમાં નોકર છે છતાં આવું કામ મારે કરવાનું ? પણ એમને કેવી રીતે કહેવાય?
ધૂંધવાતા ધૂંધવાતા તેઓ શાક લેવા નીકળ્યા.
કેમ ભઇ, ભીંડા લઇ આવ્યો કે ? શાક વેચવાવાળી બાઇએ આપ્યા તે જ લીધા કે તું વીણીને લાવ્યો?
શાકવાળીએ આપ્યા તે લાવ્યો.
હં.... ત્યારે હવે ડીંટા આગળથી ભીંડા ભાંગીને બતાવો જોઇએ.
જયંતિભાઇએ ભીંડા ભાંગી જોયા તો પાંચ-છ ભીંડા ના ભાંગ્યા.
બોલો હવે, આ ભીંડા ભાંગ્યા નથી તે ખવાશે ખરા કે ?
એ તો ના ખવાય.
તો પછી એવા ભીંડા લાવ્યા શા માટે ? ભીંડાનું શાક ખાવું છે કે નહીં ?
હા, પણ આવી તો કંઇ મને ખબર ન હતી !


ખબર રાખવી પડેને ? પરણ્યા પછી વહુ શાક લાવવાનું કહેશે ને આવું લાવશો તો એ શું કહેશે ?
પછી બીજે દહાડે અંબાલાલભાઇ એમને રસોઇ બનાવવાની ટ્રેનિંગ આપવા માંડી. રોટલી વણવાનું સોંપ્યું તે તો એમને ના ફાવ્યું ને વાંકીચૂંકી વણાઇ.
પછી પૂરી વણીને વાડકીથી કાપીને ગોળ બનાવતા શીખવ્યું. બધી પૂરી ફૂલીને ગોળ થાય એવી તળવાની પદ્ધતિ પણ શીખવાડી. બટાકાનું શાક બનાવતા પણ શીખવ્યું.
આટલું આવડયું પછી અંબાલાલભાઇએ જયંતિભાઇને ધંધાની સિલ્લક આપી.
આ ધંધાની સિલ્લક છે, તેનો હિસાબ રાખજો. જે કંઇ ખર્ચો થાય તે લખતા રહેજો. તમે ચા-કોફી પીધી હોય, કોઇ વ્યસન હોય, કોઇને રસ્તામાં દાન આપ્યું હોય, તે બધું ખર્ચ ખાતે લખજો.



એમની પાસે જે રકમ હતીને બધી પણ ચોપડે જમે કરાવી દીધી. પછી જયંતિભાઇ તો પૈસા વાપરે તે બધા ખર્ચ ખાતે લખે. પણ અંબાલાલભાઇની ચકોર નજરે એમને એક વાતમાં ઝડપી પાડયા. જયંતિભાઇ તો રોજ જમીને નીચે જાય ને થોડા વખત પછી પાછા ઉપર આવે.
એકવાર જયંતિભાઇ એક-બે દિવસ માટે કંઇ બહારગામ ગયેલા ત્યારે અંબાલાલભાઇ એમના ટાઇમે જ નીચે ઊતર્યા અને પાનના ગલ્લા પર પહોંચ્યા ત્યાં......
જયંતિભાઇ પાછા આવી ગયા પછી નીચે સિગરેટ પીવા ગયા, ત્યારે પાનના ગલ્લાવાળાએ એમને કહ્યું કે અંબાલાલકાકા તો તમારું પાકીટ ઉપર લઇ ગયા છે !
જયંતિભાઇ જે સિગરેટ પીવે છે એ મંગાવી છે.
આ લો.....
હં... આને સિગરેટની આદત છે.
અંબાલાલકાકા, મેં તમારી સાથે બહુ દગો કર્યો છે. હવે ફરીવાર આવું નહીં થવા દઉં.
આ તો તમને સિગરેટ પીવાનો દોષ લાગ્યો અને એ વાત છાવરવા માટે હિસાબ લખવામાં ગોલમાલ કરી તેમાં બીજો દોષ લાગી ગયો ! હવેથી જે ખર્ચો કરતા હોય તે લખવાનો જ. હું કંઇ વઢવાનો નથી.




પછી એકવાર અંબાલાલભાઇ જયંતિભાઇને કારખાનાના કામ અંગે અઢી ઇંચ લાંબા ચૌદ આની બોલ્ટ લેવા મોકલેલા. કહેલી દુકાનેથી બોલ્ટ તો લઇ આવ્યા પણ બિલ બતાવ્યું તો અંબાલાલભાઇને તરત જ ખ્યાલ આવી ગયો કે દુકાનદાર બિલમાં લખેલા વજન જેટલા બોલ્ટ આપ્યા નથી, ઓછા આપ્યા છે.
આ બિલમાં લખ્યું છે એટલા વજનના બોલ્ટ તમે લાવ્યા નથી, ઓછા લાવ્યા છો અને પૈસા પૂરા ચૂકવી ને આવ્યા છો.
ના, ના, એવું તે કંઇ હોય ? હું કંઇ ઓછા બોલ્ટ નથી લાવ્યો.
અંબાલાલભાઇએ તરત ત્રાજવું મંગાવીને જોખી બતાવ્યું તો બોલ્ટ લખેલા વજનથી ઓછા આપેલા હતા.
ભલા માણસ, દુકાનદાર અંદરથી બોલ્ટ તોલીને લઇ આવે, ત્યારે તમે ગજવામાં હાથ ઘાલીને બહાર ટેબલ આગળ ઊભા રહો તે કેમ ચાલે ? તોલમાં બરાબર આપે છે કે નહીં એવી બધી ચોકસાઇ તો રાખવી પડેને ?
અંબાલાલભાઇ બધી જાતના કામોમાં ચોકસાઇ રાખવાનો પાઠ ભણાવતા હતા. કોઇ પણ કામ સફળતાપૂર્વક પાર પાડવા માટે સતેજ રહીને ચોકસાઇ કેળવણી, એ જ પાયાનું ઘડતર છે ને ! પરંતુ કામમાં પોતાની ભૂલ થતી તે સંભાળીને એને સુધારવાને બદલે જયંતિભાઇ અકળાઇને ત્યાંથી ભાગી જ ગયા.
થોડા વર્ષો પછી એમને એ કેળવણીની કિંમત સમજાઇ.
અંબાલાલકાકા, તમારી કેળવણી મને ખૂબ કામ લાગી.
એમ ! કેવી રીતે ?
આ મારી વહુ સુવાવડ કરવા પિયરે ગયા છે તે તમે રાંધવાનુ શીખવાડેલું એટલે હવે જાતે બનાવીને જમી લઉં છું.
એમ !




અંબાલાલભાઇનો સ્વભાવ ખૂબ મળતાવડો. ખૂબ આગ્રહપૂર્વક મિત્રો તેમજ સંબંધીઓને તેઓ પોતાને ઘરે રહેવા બોલાવે.
કેમ છો? બહુ દિવસે દેખાયા? અમારે ઘરે કેમ નથી આવતા? ચાલો ઘેર અને રહેજો ચાર દહાડા અમારી સાથે...
રસ્તે ચાલતા જ ઓળખીતા મળે, તેને આમ ઘરે રહેવા આવવાનો આગ્રહ કરે.
અરે કાકા, અત્યારે જ મારી સાથે ચાલો મારે ઘેર ! નહીં તો ફરી ક્યારે આવશો? ચાલશે જ નહીં હો !
આવી રીતે ઘણાને ઘરમાં તેડી લાવતા. અંબાલાલભાઇ આમ પોતાનો અહંકાર પોષતા, કે લોકોમાં કેવું સારું દેખાશે ! પોતાનો સ્વભાવ કેટલો સારો ગણાશે !


પણ પછી એ રીતે આવતા મહેમાનોને લીધે એમને ખૂબ કડવા અનુભવો પણ થયા.
અંબાલાલભાઇ, આજે તો ગામમાં ફરવા લઇ જજો, હં ! અને પેલું નવું સિનેમા પણ આપણે જોતા આવીશું.
આજે તો મારે ધંધા અંગે કામ પર જવું પડે એમ છે.
ના ના, તમે સાથે હોય તો જ મજા આવેને ! ધંધો તો રોજનો છે, એક દિવસમાં શું ખાટું-મોળું થઇ જવાનું?
આમ મહેમાન સાથે હરવા-ફરવામાં જ અંબાલાલભાઇનો દિવસ પૂરો થઇ જતો. એમને ધંધા માટે કે પોતાના બીજા અંગત કામો માટે પૂરતો સમય પણ ના મળતો. વળી આવું સિનેમા બતાવવાના પૈસા પણ દરેક માટે અંબાલાલભાઇએ જ ખર્ચવાના આવતા.
આ તો મારું મને જ ભારે પડવા માંડયું છે. કોઇક દિવસ ફરવાનું હોય, પણ આવું રોજ રોજ ટહેલટપ્પા કેમ પોષાય ? સમય પણ બરબાદ થાય છે અને પૈસા પણ ! વળી ઘરની સ્ત્રીઓની મહેનત પણ પુષ્કળ વધી જાય છે ને આખો દહાડો કામ પહોંચે છે. આ તો મારી ટેવ મને જ ભારે પડી. મારો સારો દેખાવાનો અહંકાર પોષાવા ગયો. તેમાં હું જ છેતરાયો.
અંબાલાલભાઇને મનમાં મૂંઝવણ કે કોયડો ઊભો થાય ત્યારે આ રીતે પથારીમાં સૂતા સૂતા ચિંતવન કરે.
આ બધા મારા જ ઊભા કરેલા મહેમાનો હતા. મેં જ આગ્રહ કરીને બોલાવેલા.એવું સામેથી આગ્રહ કરવાની કોઇ જરૂર ના હોવી જોઇએ. એ તો મારી જ ઘેલછા હતી. હવે પછી હું એવો આગ્રહ કરીને સામેથી મહેમાનોને નોતરું આપવાનું છોડી દઇશ. હા, એની મેળે જ આવે તે મહેમાન કહેવાય, 'અતિથિ' કહેવાય. અને એવા તો જરૂરી કામે આવનારા કે મળવા આવનારા કોઇક દહાડો હોય ને થોડાં જ હોય ! પછી એવા જે 'અતિથિ' બનીને આવે. તેની સો ટકા સંભાળ લેવી જોઇએ.
અંબાલાલભાઇમાં એ સુંદર ગુણ હતો કે પોતાની ભૂલ ઓળખાય કે તરત સ્વીકારી લે. એનું પૃથક્કરણ કરીને એમાંથી કેવી રીતે બહાર નીકળવું તે વિચારી લે અને એ પ્રમાણે અમલમાં મૂકે. અનુભવનું તારણ કાઢીને ઘડતરનો નવો મણકો ઉમેરે.


એક વખત મોડી રાત્રે અંબાલાલભાઇ રસ્તા પર ચાલીને પોતાના ઘર તરફ જઇ રહ્યા હતા. તે વખતે સામેથી મામાની પોળમાંથી જ એક શેઠ દોડતા દોડતા આવ્યા. શેઠ શરીરે ખૂબ જાડા, તેથી હાંફતા જાય ને દોડતા જાય.
અરે શેઠ, આટલું બધું દોડીને હાંફળા-ફાંફળા ક્યાં જાઓ છો ?
અરે! પેલી દુકાન બંધ થઇ જશે.
મામાની પોળના નાકાના કોર્નર પર જ પન્નાલાલ ની જલેબીની દુકાન હતી.
ના, ના, પણ ઘરે બધા રમવા બેઠેલા છે. મિત્રો ભેગા થયા છે અને પત્તાની રમત ચાલે છે. મારે બધાને જલેબી ખવડાવવી છે.
આટલું બધું ના દોડો. કંઇ ઠોકર-બોકર વાગી જશે તો પડી જવાશે.
હાંફતા હાંફતા જેમ તેમ અડધું-પડધું બોલીને પલકવારમાં તો શેઠ આગળ દોડી ગયા. પન્નાલાલની જલેબી ખૂબ વખણાતી. તેની દુકાન બંધ થાય તે પહેલા શેઠ ત્યાં પહોંચી ગયા.
ઓત્તારી ! આ કેવી અજાયબી ! આવડી અમથી જલેબી અને આવડા મોટા ને જાડિયા શેઠ ! તોયે જલેબી કેવી પોતાની જગાએ જ બેસી રહી અને શેઠને દૂરથી દોડાવ્યા પોતા ભણી! મોહનું આકર્ષણ કેવું જબરું કે કોઇ પણ જાતના તારના કનેક્શન વગર જલેબીએ શેઠને પોતાની તરફ ખેંચ્યા!


એકવાર અંબાલાલભાઇ, ઝવેરબા અને હીરાબા જમવા બેઠેલા. ઉનાળાની બપોરે બારેક વાગ્યાનો સુમાર હશે. ત્યાં તો બારણે ચાર મહેમાન આવ્યા. જમવાનું પૂરું જ થવા આવેલું અને મહેમાનોને આવતા જોયા, તેથી ઝવેરબાથી સહજપણે બોલાઇ ગયું.
આ અત્યારે ક્યાંથી મૂઆ ?
ઝવેરબા ખૂબ જ ઉદાર સ્વભાવના હતા. ઉનાળાના સખત તાપની વચ્ચે જમવાનું બરાબર પૂરું થયા પછી તરત જ મહેમાનોની સરભરા માટે બધું જમવાનું ફરીથી બનાવવાના વિચારે જરાક કંટાળો આવતા આવું બોલાઇ ગયું.
અંબાલાલભાઇના ઘરમાં હંમેશા મહેમાનોની ખૂબ જ અવરજવર રહેતી. જમવાને સમયે આવી પહોંચેલા મહેમાનોને જમાડ્યા સિવાય કોઇ દહાડોય રવાના કરતા નહીં. તે દિવસે પણ હીરાબા અને ઝવેરબાએ ઝપાટાબંધ દાળ-ચોખા ચઢાવીને ફરી નવેસરથી બધી રસોઇ બનાવી અને મહેમાનોને જમાડ્યા.
પોતાની માતા ઝવેરબાનો ઉદ્‌ગાર અંબાલાલભાઇને રૂચ્યો ન હતો,
મહેમાનોના ગયા પછી માતા ઝવેરબા અને પત્ની હીરાબાને એમણે પોતાની પાસે બોલાવ્યા અને જરા કડકાઇ સાથે કહ્યું....



જુઓ, મહેમાન તો ગમે ત્યારે આવી શકે. આપણે તો એ બધા મહેમાનોને ભાવપૂર્વક આવકારવા જોઇએ અને પ્રેમથી જમાડવા જોઇએ. કંટાળવાથી તો આપણા ભાવ બગડી જાય. પછી ભલેને, પૂરું ભોજન જમાડીએ, પણ એ બગડેલા ભાવોનો પડઘો એમને પહોંચી જાય અને કંઇ ભલીવાર રહે નહીં.
બીજીવાર રસોઇ બનાવવાનો જો કંટાળો આવતો હોય તો મને કહેજો, હું બનાવીને જમાડીશ. આમ ભાવ બગાડીને જમાડવાનો શો અર્થ ? બીજીવાર આવું જો ઘરમાં થશે તો હું વૈરાગ્ય લઇ લઇશ.
અંબાલાલભાઇનો પ્રભાવ જોઇને ઝવેરબા અને હીરાબાના વિચારો બધા ફેરફાર થઇ ગયેલા.
રસોઇમાં કશું વિશેષ બનાવીને જમાડવું એવો મારો કોઇ આગ્રહ નથી. સાદા દાળ-ભાત પીરસો તો પણ ચાલે. પરંતુ સૌને પ્રેમપૂર્વક જમાડવાના. આપણા ભાવને બગાડીને કે કંટાળો કરીને નહીં. એવું આપણને ના શોભે.
રૂડો આતિથ્યધર્મ બજાવવા માટેની સુંદર સ્પષ્ટતા હતી અંબાલાલભાઇના હૃદયમાં.

એક વખત એવું થયું કે કોઇ સાહેબે એમનું કોઇ એક કામ અણધાર્યું નાપાસ કરી દીધું. આને લીધે અચાનક દસ હજાર રૂપિયાનું નુકસાન થઇ ગયું. તે જમાનામાં તો દસ હજારનું નુકસાન એટલે જબરજસ્ત મોટી ખોટ ખાધી કહેવાય. એને લીધે અંબાલાલભાઇને ઠેઠ અંતરમાં ઊંડે ઊંડે અસર પહોંચી ગઇ અને ખૂબ હલી ગયા. એકવાર રાત્રે ચિંતા મટતી નહોતી અને ઊંઘ આવતી નહતી.











અને એક કાગળિયું લઇને બધી ચિંતાઓ ભાવથી એમાં ભરી દીધી અને પછી એનું પડીકું વાળીને એના પર મંત્રો બોલીને વિધિઓ કરી. ત્યારબાદ બે ઓશીકાની વચમાં એને દબાવીને સૂઇ ગયા. ત્યાર પછી તેમને ઊંઘ આવી ગઇ. પછી બીજે દહાડે સવારમાં જ એ પડીકાને તેઓ વિશ્વામિત્રી નદીમાં ભાવથી પધરાવી દીધી. ત્યાર પછી ચિંતા ઓછી થઇ.



સવળો દૃષ્ટિકોણ શોધી કાઢીને અંતરંગમાં સમાધાન મેળવવાની એમની પાસે ગજબની શક્તિ હતી. તેથી આવી ગંભીર અસરને ખંખેરી નાખીને તેઓ ખૂબ ઝડપથી બહાર નીકળી જતા. ખરેખરું જ્ઞાન પ્રગટ થતું ત્યાર પછી બધી ચિંતાઓ સમૂળગી નાશ પામેલી.



પોતાના ધંધામાં નફાની વાત સાંભળીને પોતાને ખુશી થાય ને ખોટની વાત સાંભળીને પોતાને ચિંતા થાય એ તો સમજી શકાય એમ છે. પરંતુ અંબાલાલભાઇ તો એવું પણ વિચારી લેતા કે ધંધાના નફા-ખોટની વાત સાંભળી સામી વ્યક્તિને દુ:ખ લાગે કે આઘાત લાગે એવી પરિસ્થિતિ પણ ઊભી ના થાય એ માટે તેઓ ખૂબ સાવચેત રહેતા.







હા, એ બન્ને વ્યક્તિોને એક જ ધંધા અંગે જુદા જુદા જવાબો ખાસ હેતુસર આપેલા.
એવું સાવ જુદું જુદું કેમ કહ્યું તે ના સમજાયું.
જો તને સમજણ પાડું. ગઇકાલે જે વ્યક્તિને મારા ધંધા અંગે પૂછપરછ કરતી હતી તે મારી વિરોધી વ્યક્તિ હતી. એના હૃદયમાં સ્પર્ધાનો ભાવ હતો. મારો ધંધો સારો ચાલે છે એમ જાણે તો તેના પેટમાં તેલ રેડાય. મેં ખોટ ખાધી છે એમ જાણે તો આનંદમાં આવી જાય. એટલે મેં એને થોડું વધારીને મોટી ખોટ ખાધી છે એવું કહ્યું. જેથી એને મારા પ્રત્યે દ્વેષ ના થાય પણ ઊલટો મનથી સંતોષ રહે કે ચાલો આ વખતે આમનો દેખાવ મારા કરતાં ઊતરતો થયો.
વાત તો સાચી. સામી વ્યક્તિ ખોટ ખાય છે એમ જાણીને, તો એની સાથે સ્પર્ધા કરવાનો કે એને માટે ઈર્ષ્યા કરવાનો ભાવ જ ના થાય.
અને આજે જે ભાઇ પૂછપરછ કરતા હતા તે મારા હિતેચ્છુ હતા એમને જો હું સાચી વાત જણાવી દઉં કે મને મોટું નુકસાન થયું છે તો બિચારા ગભરાઈ જાય અને દુઃખી થઇ જાય. તેથી એમને તો મારે એમ જ કહેવું પડે કે ખાસ નુકસાન થયું નથી, જેથી એમના દિલને ટાઢક રહે.
તમને મોટી ખોટ ગઇ અને નુકસાન થયું છતાં તમે તો એવી રીતે વાત કરો કે જેથી સામેની વ્યક્તિ આનંદમાં જ રહે.
હા, સામેની વ્યક્તિને મારા થકી ક્યારેય દુઃખ ના થાય, કાયમ સુખ ને આનંદ જ પ્રાપ્ત થાય, એ જ મારું જીવનસૂત્ર મેં અપનાવ્યું છે.


લગ્નજીવનના શરૂના વર્ષોમાં એકવાર અંબાલાલભાઇ હીરાબા સાથે ફસામણમાં આવી ગયેલા.
સાંભળો છો કે ? મારા ભાઇની ચાર છોડીઓ પૈણાવાની છે, તેમાં આ પહેલી છોડી પૈણે છે. આપણે લગ્નમાં શું આપીશું ?
આ કબાટમાં મહીં ચાંદીના નાના નાના વાસણો પડી રહ્યા છે. તેમાંથી એકાદ બે આપજો નવું બનાવવા કરતા !
તમારા મામાના દીકરાની છોડીઓ પૈણે છે, ત્યાં તો આવડા આવડા ચાંદીના તાટ આપો છો ને !
આજે આપણે ફસાઇ ગયા ! અમારી વચ્ચે 'મારા-તમારા' બોલવાનો રિવાજ ક્યારેય નથી રાખ્યો. ઘરમાં કાયમ 'આપણું-આપણા' જ બોલાય. આપણે વન ફેમિલી, તેમાં વળી 'અમારું-તમારું' બોલે તો પછી શું બાકી રહે ?
હવે આ બાજી તરત ફેરવી નાખવી પડશે. નક્કી મારા બોલવામાં ભૂલ થઇ ગઈ, નહીં તો એ એકદમ 'અમારા-તમારા' શા માટે બોલવા મંડી પડે ? હવે આ મનદુ:ખ થાય અને મતભેદ પડી જાય તે પહેલા સમું કરી દેવું જોઇએ. મનભેદ પડવા દેવો, તેના કરતા ફરી જવું સારું.

એક ક્ષણ માત્રમાં આ બધા વિચારો અંબાલાલભાઇના મનમાંથી પસાર થઇ ગયા. તરત જ સાવધાન થઇ જઇને એમણે બાજી સુધારી લીધી.




લગ્નજીવનમાં મતભેદ ઊભો થાય, ત્યાં તરત જ મારી ભૂલ કયાં થઈ એ શોધી કાઢીને અંબાલાલભાઇ મલમપટ્ટી કરી દેતા. કોઇ સંજોગ ઝઘડામાં પરિણામ પામે જ નહીં. તે માટે તેઓ સતત સાવધાન રહેતા. આ પ્રસંગ પછી આખા લગ્નજીવનમાં એમણે ફરીવાર મતભેદ ઊભા થવા દીધા નહોતા.

અંબાલાલભાઇને ૧૯૩૯-૪૦ના અરસામાં હાલોલમાં પુલ બાંધવાનો કોન્ટ્રાક્ટ મળેલો. તે ગામમાં એક વાણિયો હતો. આખો દહાડો તો ધંધો કરે, પણ પછી રાત્રે જુગાર રમવા જાય, પૈસા બગાડે અને ખૂબ મોડી રાત્રે ઘરે પાછો ફરે. તે ઘરે પહોંચે એટલે એની વહુ એની ખબર લઇ નાખે અને લાકડીથી માર મારે !




એક દિવસ બધા ગામના લોકો અંબાલાલભાઇને બોલાવવા આવ્યા.




એ બધા ગામના લોકો અંબાલાલભાઇને પેલા વાણિયાના ઘર પાસે લઇ ગયા. એના ઘરનું બારણું તો અંદરથી વાસેલું હતું પણ લાકડીથી એની પીટાઇ થતી હતી એનો અવાજ બહાર સંભળાતો હતો. અને સાથે સાથે ‘લે લેતી જા’ , ‘લે લેતી જા’, એવા શબ્દો વાણિયાના અવાજ માં સંભળાતા હતા. પેલા ગામના લોકોએ અંબાલાલભાઈને ફોડ પાડ્યો.




હા, શેઠ વાણિયાને માર પડે છે છતાં એ રોજ 'લે લેતી જા' એમ જ બોલે છે !
આ માળું ખરું કહેવાય ! આ નવું શાસ્ત્ર ભણ્યા આપણે. વહુ લાકડીથી વરને મારે છે અને વર સિસકારો પણ બોલાવતો નથી ને વળી 'લે લેતી જા', 'લે લેતી જા', એમ જ બોલ્યા રાખે છે !
શેઠ, તમને આ કૌતુક જોવા માટે જ લઇ આવ્યા છીએ !
પણ આ વાણિયો જબરો અક્કલવાળો કહેવાય ! જુઓને, પોતાની આબરૂ રાખવા માટે કેવો નુસખો શોધી કાઢ્યો ! પોતાને વેદના થાય છતાં તે સિસકારો બોલવાતો નથી ને જાણે પોતે જ મારતો હોય, પોતાનું જ જોર ચાલતું હોય, એવો દેખાવ કરે છે !
વર-બૈરીના મતભેદ તો દરેક ઘરમાં હોય જ !
હા, પણ આપણે આબરૂ રાખવાની નથી, આપણી આબરૂ તો રહેલી જ છે.
દુનિયા તો રંગરંગીલી છે ને ! દરેક વખતે કોઇ નવો જ રંગ જોવા મળે ! આ તો કેવું પોલંપોલવાળું જગત છે !


અંબાલાલભાઇનું કોન્ટ્રાક્ટનું કામ બોરસદમાં ચાલતું હતું. અમુમિયાં પોસ્ટમેન હતો અને બહુ સારા સ્વભાવનો હતો. અંબાલાલભાઇને 'શેઠ શેઠ', કહીને બોલાવતો પણ અમુમિયાંનો દીકરો કમુમિયાં, બરાબરનો પહોંચેલો માણસ હતો. મૂળ બોરસદ ગામનો અને આખા ખેડા જિલ્લામાં એની લાગવગ ચાલતી. સરકાર જોડે, કલેક્ટરો જોડે મળી ગયેલો. એટલે આખા બોરસદ શહેરને પોતાની મરજી મુજબ હાંકી શકતો. રાજા જેવો જ થઇ બેઠેલો ! મગજનો એવો ફટકેલો કે ભર્યા રસ્તા પર લોકોને મારતા પણ અચકાય નહીં ! લોકો એને તદ્દન નંગોડ★ માણસ અને 'વાઘ' તરીકે જ ઓળખતા !



એક વખત કમુમિયાંએ રસ્તાની વચ્ચે ભાદરણના એક કાર્યકર્તાને ફટકાર્યો. અંબાલાલભાઇને કમુમિયાંની આવી નંગોડ વર્તણૂંક યોગ્ય ન લાગી.




એના જવાબમાં કમુમિયાંએ નાલાયક થઇને કહેવડાવ્યું.




એમણે કમુમિયાંને મળવા માટે કહેવડાવ્યું ત્યારે કમુમિયાંએ એમની પાસે સિમેન્ટની થેલીઓ મંગાવી.





કમુમિયાં કોઇને ગાંઠતો નથી, એ રીતે આખા જિલ્લામાં પ્રખ્યાતિ પામેલો. અંબાલાલભાઇએ રોફ તો માર્યો કે એવા કોઇ કમુમિયાં આવે તો પણ અમસ્તી સિમેન્ટની થેલીઓ ના જ અપાય પણ પછી એમણે પોતાના વર્તનમાં બદલાવ આણ્યો. નમતું મૂકીને કહેવડાવ્યું કે







★ નંગોડ - કોઇ વાત કે કામની શરમ ના હોય તેવો.

કમુમિયાંને ત્યાં અંબાલાલભાઇ મળવા પહોંચ્યા, ત્યારે એમને જોતા જ કમુમિયાં ઢીલો થવા માંડયો. અંબાલાલભાઇના પ્રતાપને જોતા જ કમુમિયાં પર અસર થવા માંડી.





અંબાલાલભાઇએ વિચારી જોયેલું કે આવી દબડાવનારી વ્યક્તિ આગળ સામે થવાનો કોઇ ફાયદો ન હતો. 'નહીં આપું' કહેવાથી તો એ ઊંધો ફાટે અને છાપરું તોડવાના કે એવા ગાંડા-ઘેલા તોફાન કરે તો શું આબરૂ રહે ? તેથી એમણે આ રીતે વાતચીત કરીને એના મોઢે ચોખ્ખું કરાવડાવ્યું કે એ થેલીઓ મફતમાં ન હતી લેવાની, પણ કિંમત ચૂકવવાની હતી અથવા તો પાછી વાળવાની હતી.




એવામાં એકવાર લડાખમાં ગોળીબાર થયાના સમાચાર આવ્યા. એમાં મરાયેલા યુવકોમાં બે ગુજરાતના હતા. બન્ને પચ્ચીસેક વર્ષના છોકરાંઓ. એક ભાદરણના રતિલાલ ભાઇલાલભાઇનો છોકરો અને બીજો ધર્મજનો કોઇ માલધારીનો છોકરો હતો. તેમની લાશો લડાખથી વડોદરા આવી.
ભાદરણના વતનીઓ એમના ગામના છોકરાની લાશને ભાદરણ લઇ જવાનું સાધન ખોળવા લાગ્યા. સો રૂપિયા ઠરાવીને ભાદરણ લઇ જવા માટે એક લોરી★કરી લીધી. કમુમિયાંએ જ લોરી આપી.
ધર્મજવાળા પણ પોતાના ગામના છોકરાની લાશને પોતાને ગામ પહોંચાડવા સાધન ખોળતા હતા. તેમની સ્થિતિ સો રૂપિયા આપીને લોરી કરવા જેવી ન હતી, તેથી તેઓ મૂંઝાતા હતા.
અંબાલાલકાકા, આ કમુમિયાં તો એક લાશ લઇ જવાના સો રૂપિયા માંગે છે. એમને એવું સાધન નહીં પોષાય. બીજો કોઇ રસ્તો ખરો ?
લોરીનો ખર્ચો વધારે હોય તો ગાડામાં મૂકી લઇ જવાય.
પરંતુ કમુમિયાં તો ગાડું કરવા દે એવો નથી, કોઇ ગાડું આપવાનું કરે, તો સામો થાય છે અને મારી બેસે છે. એટલે એની બીકને લઇને કોઇ ગાડાવાળો ગાડું આપતો જ નથી.
એમ વાત છે ? ત્યારે ચિંતા ના કરશો. મારો કોન્ટ્રાક્ટનો ધંધો છે, તેથી મારી પાસે બે બળદ અને ગાડાની સગવડ છે. ખાસ્સા મજાના હાથી જેવા મજબૂત બળદો છે. કમુમિયાં ભલેને ના કહે, તમે આવીને આપણું ગાડું લઇ જાવ.
તે દિવસોમાં અંબાલાલભાઇમાં ગજબની હિંમત, અને અહંકાર નો રોફ પણ ખૂબ ! તેથી આવું કહેતા. સાથે જ અંબાલાલભાઇ એ પોતે જ છોકરાની લાશને ધર્મજ પહોંચાડવાનું બીડું ઝડપી લીધું. પોતાનું ગાડું તૈયાર કરાવ્યું અને તેમાં પેલા છોકરા ની લાશ સુવાડી તેના પર ઘાસ પાથરી દીધું, જેથી લોકોની નજરે ના ચઢે.


★ લોરી - ટ્રક

કમુમિયાંને આ વાતની ખબર પડ્યા વિના કાંઇ રહે ? કોઇ ગાડાવાળાની હિંમત ન હતી ગાડું આપવાની, ત્યારે આ રીતે ગાડામાં લાશ લઇ જનાર અંબાલાલભાઇની પાછળ પડ્યા વિના એ શી રીતે રહીં શકે ? એણે તરત જ અંબાલાલભાઇની વિરુદ્ધ ફોજદારી કેસ નોંધાવ્યો. તેમાં જાત જાતના બહાના કાઢ્યા ને ખોટા ખોટા આરોપ આપ્યા. આ કોન્ટ્રાક્ટર ભાદરણના વતનીઓને ભેગા કરીને ઉશ્કેરે છે, આમ કરે છે, તેમ કરે છે, સરકારનો સિમેન્ટ ચોરી જાય છે, કાઢી જાય છે, એવા બધા જાત જાતના આરોપો લગાડ્યા.




અંબાલાલભાઇએ પેલી સિમેન્ટની થેલીઓ કમુમિયાંને આપેલીને, તે થોડો સમય સુધી કમુમિયાં તરફથી પાછી ના વળાઇ કે કિંમત પણ ના ચૂકવાઇ. સો થેલીના સવા બસ્સો રૂપિયા બાકી રાખ્યા હતા. એક વખતે કમુમિયાં વડોદરા ગયેલો, ત્યારે અંબાલાલભાઇએ એને યાદ દેવડાવ્યું કે તમારો ડ્રાફ્ટ હજુ મળ્યો નથી ત્યારે એણે 'ભેજ દેંગે' કરીને ટૂંકમાં પતાવ્યું, પણ તોય ઘણા વખત સુધી પૈસા મોકલાવ્યા નહીં.



ફરી એકવાર વડોદરામાં ગાડીમા પસાર થતા કમુમિયાંને અંબાલાલભાઇએ રોક્યો.





એમ કહીને કમુમિયાંએ ત્યાં જ ગાડી ઊભી રખાવી.




કમુમિયાંએ ત્યાં ને ત્યાં જ ત્રણસો રૂપિયાનો ચેક લખી આપ્યો. સવા બસ્સોને બદલે ત્રણસો રૂપિયા ચૂકવ્યા !

અંબાલાલભાઇના પ્રભાવશાળી વ્યક્તિત્વની એવી ઊંડી અસર થતી કે એમની હાજરીમાં કોઈ આડાઇ કે લુચ્ચાઇ કરી શકતું નહીં.


એક વખત પાલેજ - બારેજા આગળ નાનું નાળું બાંધવાનું કામ ચાલતું હતું. તે રાતે પાછા ફરતા અંબાલાલભાઇને કશું હાલતું - ચાલતું દેખાયું.




અંબાલાલભાઇ મૂળથી ક્ષત્રિય પ્રકૃતિવાળા, તે કોઇનાથી ડરે નહીં. નમતું ઝોખે નહીં એવી ટેવ.




૧૯૩૨માં જરોદગામમાં વિશ્વામિત્રી નદી પર બ્રીજ બાંધેલો. તે વખતે સાઇટ ઉપર મકાન રાખ્યું હતું. તે એક દિવસે અંધારી રાતે સાડા અગિયાર વાગે સાઇકલ લઇને પાછા આવતી વખતે, અંબાલાલભાઇએ જોયું કે મહુડાના ઝાડ નીચે આગના મોટા મોટા ભડકા થઇને ઓલવાઇ જાય છે.








પહેલેથી અંબાલાલભાઇને ભાગવાની ટેવ જ નહીં, હુમલો કરવાની જ ટેવ ! એમણે તો સાયકલની સ્પીડ વધારીને સીધું ભૂત પર પડતું નાખ્યું.
મને કોણે મારી નાખ્યો ? ઓ માડી રે !
સાયકલ એના પર પડવાથી એક માણસ બૂમાબૂમ કરવા માંડ્યો.
અરે ! કોણ મારી નાખે ? એ તો હું છું, હેંડ ઊભો થા.
મને તો બહુ વાગ્યું છે. ઓહ !
ચાલ ઘરે, પાટાપીંડી કરી આપું.
શેઠ તમે ? આ જુઓને ! મને ક્યારની બીડી પીવી છે તે આ પવનમાં દીવાસળી બબ્બે, ત્રણ-ત્રણ સાથે પ્રગટાવું છું તોય બીડી સળગતી નથી.
અરેરે ! જો ભડકીને ભાગી જાત તો પુરવાર થાત કે ભૂત છે પણ આ તો જુઓ, કલ્પનાના જ ભૂત છે ને ! આ તો જેવી કલ્પના એવા આકાર થઇ જાય છે !
બધા ભૂત તો ખોટા જ ભયના માર્યા. કલ્પનાના જ નીકળ્યા ! તો ખરેખર ભૂત જેવી વસ્તુ છે કે નથી ?

૧૯૪૨ની સાલમાં અંબાલાલભાઇ વડોદરામાં 'બિટકો એન્જિનિયરિંગ કંપની' કાઢેલી. ખેતીવાડીને લગતા સાધનો બધા બનાવીને વેચવાનો ધંધો ચાલુ કરેલો. લુહાર, વર્કશોપ બધાની વ્યવસ્થા કરેલી. તેમાં સરકાર તરફથી હંડ્રેડ વેઇટનું લોખંડ ૧૧ રૂ.ના ભાવે મળતું. વળી એમના ભાગીદાર ધંધા માટે લોખંડની પાઇપો મંગાવતા, તેમાં સરકાર તરફથી રાહત દરે એક ફૂટના દોઢ આના લેખે પાઇપ મળતી.




સરકાર તરફથી નિયમિત લોખંડનો ક્વૉટા આવ્યા કરતો. જોતજોતામાં તો કંપની માટે સારા એવા પ્રમાણમાં લોખંડ ભેગું થઇ ગયું. પરંતુ એટલા જલદી ખેતીવાડીના સાધનોનું ઉત્પાદન કરીને વેચવાનું શક્ય બનતું ન હતું.





અંબાલાલભાઇ તો હૃદયના તો એકદમ ચોખ્ખા. ચોરીની કે કાળાબજારની કોઇ જાતની દાનત ન હતી, પરંતુ સંજોગો એવા ગોઠવાયા, કે બુદ્ધિએ માર ખવડાવી દીધો.
સાહેબ, તમારી પાસે આટલો બધો માલ છે, તે અમને આપતા હો તો શું ખોટું ?
એવા કાળાબજાર અમારાથી ના થાય.
મારા જેવાનું પેટીયું★ ચાલે એવું તો કશું કરી આપો ?
એ દલાલની આજીજીભરી યુક્તિ સાંભળીને અંબાલાલભાઇ ભૂલ ખાઇ ગયા. તે વખતે બજારમાં લોખંડ વેચવું હોય તો બહાર ૩૨ રૂપિયાનો ભાવ ચાલતો હતો. પેલા દલાલને મદદ કરવાના ભાવથી ૨૫ રૂપિયાનો ભાવ લઇને લોખંડ એને વેચ્યું. પછી તો જોઇ લ્યો મજા ! પેલો દલાલ તો એવો લુચ્ચો નીકળ્યો કે એ બધું લોખંડ એણે બહાર બજારમાં વધારે ભાવે ૩૫ રૂપિયામાં વેચીને પૈસા બનાવ્યા !
અંબાલાલભાઇને આ વાતની ખબર પડી ત્યારે એમને પોતાની ભૂલ સમજાઈ અને ખૂબ જીવ બળ્યો. લોકોને ફાયદો થાય એવું કરવાને બદલે દલાલની દયા ખાઇને એને મદદ કરવા ગયા, ત્યાં તો એણે લોકોને લૂંટ્યા એવો ડબલ ચોર નીકળ્યો !
સારા મા-બાપનું છોકરું ચોરી કરે તો કેવી ફાળ પડે ? મા-બાપને રાતે ઊંઘ આવે કંઇ ? તેમ અંબાલાલભાઇને પણ આવી રીતે ધન ભેગું કર્યા પછી રાતની ઊંઘ હરામ થઇ ગઇ. આવી રીતે ધંધામાં ખોટું લપસી પડાયું તે સીધા અને શુદ્ધ હૃદયના અંબાલાલભાઇને બહુ વસમું લાગ્યું. બહુ અફસોસ થયો ને રોમે રોમે એ દુ:ખ ખૂંચ્યું અને કરડ્યું.
દાનત બિલકુલ ખોરી ન હતી. છતાં, આ ધંધાના પાશમાં ફસાઇને સ્લિપ થઇ જવાયું છે પણ હવે તો મારે સીધા ચાલવું છે અને આવી સિમેન્ટ અને લોખંડની ચોરી બધી બંધ જ કરી દેવી છે.
અંબાલાલભાઇએ હૃદયમાં ખૂબ પસ્તાવા સાથે સો ટકાની પ્યૉરિટી સાથેનો જ ધંધો કરવાનો નિશ્ચય કર્યો.




★ પેટીયું - રોજીરોટી.

એમને ધંધામાં કમાણી સારી હતી છતાં સાદગીભર્યું જીવન જીવતા. પણ રોફ મારવા માટે કાંતિભાઇ સેકન્ડ હેન્ડ ગાડી લઇ આવ્યા.




અંબાલાલભાઇ કહેતા, મશિનરી સાથે કામ કરતાં હૃદય કઠણ થાય છે અને જીવતી વ્યક્તિ સાથે કામ કરતા હૃદય કુમળું રહે છે.

એકવાર થોડા જૈન લોકો મામાની પોળમાં ભેગા થઇને ચર્ચામાં ઊતરેલા. અંબાલાલભાઇ ત્યાંથી પસાર થતા હતા, ત્યારે તેમના કાને 'જૈનિસ્તાન' શબ્દ પડ્યો.






અડધા કલાક સુધી વિગતવાર અંબાલાલભાઇએ આ પ્રકારની સમજણ પાડી, તે પેલા બધા ટાઢાટપ થઇ ગયા. અવળી સમજણથી હિન્દુસ્તાન સાથે ભેદ પાડવાનું જોર ચઢ્યું હતું, તે અંબાલાલભાઇએ સવળી સમજણ આપી એટલે બધું ઊતરી ગયું. તેઓ બધા અંબાલાલભાઇનો આભાર માનીને કહેવા લાગ્યા કે અમારી બહુ મોટી ભૂલ થઇ જાત.


એકવાર અંબાલાલભાઇ પોળમાં એમના ઘરના ઓટલા પર બેઠા હતા ત્યારે બે માણસોને ત્યાંથી એક ભેંસને લઇને પસાર થતા દીઠા. એક માણસ દોરડાથી ભેંસને ખેંચતો હતો. બીજો માણસ ભેંસની પાછળ રહીને એના પગ પર લાકડીથી મારતો હતો. દોરડાને લીધે ગળું ખેંચાય એની વેદનાને કારણે ભેંસ ચાલવાની આનાકાની કરતી હતી અને બન્ને માણસો જબરજસ્તી કરીને એને ખેંચી જતા હતા.




આ પ્રસંગ પરથી સુંદર તારણ કાઢ્યું કે મનુષ્યો પણ આવી આડાઇ કરીને માર ખાય તેના કરતા સરળ થઇ જાય તો બીજો માર તો ના ખાવો પડે.


અંબાલાલભાઇ મામાની પોળમાં રહેતા હતા, એમની પોળમાં જ બે દેરાસર હતા. ત્યાં એક દેરાસરમાં એકવાર ચાતુર્માસ કરવા માટે એક મહારાજ સાહેબ આવીને રહેલા. સામાન્ય રીતે ચોમાસાના ચાર મહિના પૂરા થાય એટલે દેવદિવાળી પછી મહારાજ સાહેબ વિહાર કરીને બીજે જાય એવો રિવાજ હતો.
મહારાજ સાહેબ, હવે તો તમારે વિહાર કરીને જવાનો સમય થઇ ગયો છે. તમારા ચાતુર્માસ પૂરા થયા અને દેવદિવાળી ઉપર પણ પંદર દિવસ ચઢી ગયા છે.
સાહેબ, મારા પગમાં વાગેલું તે પાકી ગયું છે અને મને ડાયાબિટિસ છે તેથી જલદી રૂજાતું નથી. ચાલવામાં ખૂબ તકલીફ પડે છે. થોડા દિવસ વધુ અહીં રહેવા દો.
ના મહારાજ સાહેબ, એ શક્ય નથી. હવે તો તમારે વિહાર કરીને જવાનું ગોઠવવું જ પડશે.
સાહેબ, અમે વિહાર તો કરી જઇશું. પણ મહારાજ સાહેબ માટે એક ઝોળીની વ્યવસ્થા કરી આપો તો સારું પડશે.
માફ કરજો પણ હજી સુધી કોઇને માટે ઝોળી કરી આપી હોય એવો કોઇ પહેલાનો દાખલો પણ નથી. તેથી અમારાથી તમારે માટે એવી કોઇ ગોઠવણ કરી શકાશે નહીં.
મહારાજ સાહેબ અને એમનો શિષ્ય ખૂબ મૂંઝવણમાં મૂકાઇ ગયા.


એમનો શિષ્ય અંબાલાલભાઇના ઘરે પહોંચ્યો.
ધર્મલાભ !
પધારો ! આજે સવારે સવારે ક્યાંથી પધાર્યા ? ચા વહોરવા આવ્યા છો ?
ના, અંબાલાલકાકા ! આજે તો બીજી નવી જ મૂંઝવણ લઇને આવ્યો છું, તમારી સલાહ લેવા.
અંદર આવો. બોલો, શી મૂંઝવણ ઊભી થઇ છે ?
આ મંદિરના કાર્યકર્તા અમને વિહાર કરી જવાનું કહે છે. મહારાજ સાહેબને પગે ખૂબ પાકી ગયું છે અને ડાયાબિટિસ હોવાને લઇને જલદી રૂજાતું નથી. તેથી તેમને ચાલવાની ખૂબ તકલીફ છે. અમે વિનંતી કરી કે એક ઝોળી કરાવી આપો તો અમે વિહાર કરી બીજે જઇ શકીએ.
બરાબર છે. શું કહ્યું પેલા બધા વહીવટકર્તાઓએ ?
એ લોકો ઝોળી કરાવી આપવાની ના કહે છે.
ઓત્તારી ! આવો જવાબ આપ્યો ! સારું, મને કહો, ઝોળી કરાવવી હોય તો શો ખર્ચો થાય ?
અરેરે ! કેવી દયાજનક પરિસ્થિતિ કહેવાય ! આ વીતરાગ માર્ગ ઉપર ચાલનાર કાળક્રમે કેવી ભૂલથાપ ખાઇ જાય છે! કેવા આગ્રહી થઇ જાય છે !







પછી તો અંબાલાલભાઇના બંદોબસ્તથી ઝોળી બોલાવાઇ. મંદિરના વહીવટકર્તાઓએ મહારાજ સાહેબને પાછા વળાવવા માટે બેન્ડ-વાજાનો ફર્સ્ટ ક્લાસ બંદોબસ્ત કર્યો. આખો સંઘ વાજતે-ગાજતે મહારાજ સાહેબને ઝોળીમાં બેસાડીને છાણી ગામ સુધી પહોંચાડી આવ્યો. અંબાલાલભાઇ પણ એમનો લાંબો કોટ પહેરીને મહારાજ સાહેબને વળાવવા ગયેલા.



અંબાલાલભાઇને આવી જૂની રૂઢિઓની સામે અણગમો થતો પણ બધાં સામે લાચારી અનુભવી.

લગ્નજીવનના પહેલા ત્રીસ વર્ષમાં અંબાલાલભાઇ પોતે પોળને નાકે શાક લેવા જતા.



તે વખતે યુવકસંઘે ન્યુઝપેપર બંધાવેલું, તે બધા ભેગા થઇને પોળને નાકે બેસીને વાંચતા હતા.




અંબાલાલભાઇને પણ સમાચાર વાંચવાની ઇચ્છા થાય ત્યારે પેલા બધા ભેગા મળીને છાપું પકડીને બેઠા હોય, ત્યાં જઇ વાંચવા માટે ડોકિયું કરતા.





ક્ષણવારમાં ડોકું ખસેડી લઇને અંબાલાલભાઇ ત્યાંથી પાછા વળી જતા. ગંધ તરત પારખી લે એવી ઘ્રાણેન્દ્રિય પાવરફુલ હતી.








★ શ્વાન - કૂતરું, શકટ - મોટું ગાડું


એકવાર એક કૂતરું અંબાલાલભાઇના ઘરનાં બારણા આગળ આવીને ઊભું રહ્યું. ઊભું'તું આગળના બારણાની બહાર, પણ મોઢું અંદર ઘાલેલું. અંબાલાલભાઇને દયા બહુ, તે તરત મહીં વિચાર આવ્યો કે આ ભૂખ્યું હશે ને ખાવાનું શોધતા આવ્યું છે.
કશું ભાખરી કે કાંઇ છે ?
હા, ભાખરી છે પાંજરામાં.
અંબાલાલભાઇએ પિંજરામાંથી ભાખરી કાઢી અને કૂતરું ઊભું હતું ત્યાં બારણા આગળ મૂકી આવ્યા. એ ત્યાં ઊભું ઊભું જ ખાઇ ગયું.
આ તો ખાઇ ગયો, ત્યારે બીજી નાખોને ! આજે જમવા આવ્યો છે ત્યારે વળી બીજી હોય તો નાખી દ્યો.
હીરાબાએ બીજી ભાખરી નાખી તે પણ પેલો કૂતરો જમી ગયો.
બિચારો જે આપીએ તે કેટલા ટેસ્ટથી ખાય છે ! કાંઇ એની સાથે દૂધ-બૂધ, અથાણું, શાક એવું કશું પણ માંગે છે ? એય નિરાં....તે ચાવીને ખાય છે! ને આમ કેટલા રોફથી ચાવે છે ! જમીને પાણી-બાણી પણ ના માગ્યું ! મોઢું સાફ કરવા વૉશ-બેશીન ક્યાં છે એમ પણ પૂછતો નથી ! કેટલો સારો છે બિચારો ! જમી લીધું કે એ ય.... ચાલવા માંડ્યું !






★ ચાટ - કૂતરાને ખાવાનું નાખવાનું વાસણ


અંબાલાલભાઇને યાદ આવ્યું કે નાનપણમાં ટીખળી સ્વભાવ એટલે એકવાર ગમ્મત કરેલી.
એમના પિતાએ કોઇ વાણિયા શેઠને ત્યાં એમને કોઇ કામ માટે ચિઠ્ઠી લઇને મોકલ્યા હતા.
હત્તારીની ! મારે તો રમવા જવું'તું ! હવે આ શેઠ જલદી કામ પતાવી આપે તો સારું, નહીં તો મારું રમવાનું જશે !
પેલા શેઠ તો એમનું પાળેલું કૂતરું રમાડતા હતા. મોઢા પર, કપાળ પર હાથ ફેરવીને પંપાળ્યા કરે. અંબાલાલે એમને ચિઠ્ઠી આપી તો પણ ત્યાંથી ઊઠ્યા જ નહીં.
અરે, મારે અહીં ઉતાવળ છે, ને આમનું પેટનું પાણીય હાલતું નથી !
ધીરેથી અંબાલાલે કૂતરાની પૂંછડી ઝાલીને જોરથી દબાવી. કૂતરું ચીસ પાડી ઊઠ્યું. કૂતરાએ ચમકી જઇને એના મોં પાસે શેઠને પંપાળતા જોયા હતા, તેમના હાથ પર બચકું ભરી લીધું. શેઠ ખીજાઇને કૂતરાને મારવા લાગ્યા.
અરે ! અરે ! બિચારા કૂતરાને કેમ મારો છો ?
મારું કૂતરું કોઇ દિવસ મને કરડે નહીં ! ને અત્યારે એણે મને બચકું ભરી લીધું.
શેઠ એનો દોષ નથી. એ તો મારા હાથ નીચે એની પૂંછડી આવી ગઇ !
હેં ! ચાલ ત્યારે તારા પિતાની ચિઠ્ઠીનો જવાબ લખી આપું.
કેવું વિચિત્ર ! પૂંછડી મેં દબાવી છતાં કૂતરું કરડે છે પોતાના માલિકને ! પોતાને દુઃખ આપનારું ખરું કારણ કોણ છે તે એ ઓળખી શકતો નથી અને સામે દેખાતા નિમિત્તને બચકાં ભરે છે ! એને ખબર નથી કે ખરેખર આ કોણે કર્યું !
આવી રીતે માણસો પણ નિમિત્તને દોષિત ગણીને બચકાં ભરે છે ને ?....
તો વાચક મિત્રો, તેમના જીવનના હવે પછીના વર્ષોમાં પણ જુદા જુદા સંયોગોમાંથી પસાર થતી વખતે તેમના એક એકથી ચઢિયાતા તારણોને જાણવા માટે તથા એમના અનુભવના નિચોડમાંથી ઉમદા બોધપાઠને ભાગ - ૫ માં જાણીશું....

# બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ

ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ

## સ્ટોરી બુક



## મન્થલી મેગેઝિન


બાળકો માટે



યુવાનો માટે અક્રમ યુથ

અક્રમ એક્સપ્રેસ

## દાદા ભગવાન સચિત્ર





માનવમાંથી મહામાનવ (નીલ) સીરીઝ બુક

## ગેમ્સ




## V.C.D. & D.V.D.



## વેબસાઇટ




Visit kids.dadabhagwan.org



પ્રસંગો તો આપણા જીવનમાં જેવા બનતા હોય છે એવા જ જ્ઞાનીના જીવનમાં પણ બનતા હોય છે પણ આપણે એ પ્રસંગો પૂરા કરીએ અને તેઓ નિકાલ કરે એમાં બહુ ફરક હોય છે. બાળપણથી જ એમનામાં પાંગરેલી બોધકળા અને જ્ઞાનકળા, એમના વ્યવહારના દરેક ગૂંચવાડા નો, ખૂબ સરળતાથી અને કોઇનેય દુઃખ ન પહોંચે એ રીતે ઉકેલ લાવી આપતી. આવી ઘણી ચાવીઓ આપણને આ પુસ્તિકામાંથી મળશે.

ISBN 978-93-82128-43-4
9 789382 128434
Printed in India
MRP ₹45

BALVIGNAN
Fun 'n' Gnan with Dada